# ખાદ્યાન્ન સુરક્ષા બિલ હાલ ફરી મોકુફ

નવી દિલ્હી,તા. ૨૦

ભારે ચર્ચાસ્પદ ફુડ સિક્યુરિટી બિલ પર લોકસભામાં ભારે ધાંધલ ધમાલના કારણે આજે ચર્ચા થઈ શકી ન હતી જેના પરિણામ સ્વરૂપે લોકસભાની કાર્યવાહી ૨૨મી ઓગસ્ટ સુધી મોકુફ કરી દેવામાં આવી હતી. સંસદમાં ભારે ધાંધલ ધમાલના કારણે કામગીરીને અનેક વખત મોકુફ કરવાની ફરજ પડી હતી. છેલ્લે લોકસભાની કામગીરીને ૨૨મી ઓગસ્ટ સુધી મોકુફ કરવામાં આવી હતી. ખાદ્યાન્ન સુરક્ષા બિલને લોકસભામાં પસાર કરવાના મુડમાં રહેલી યુપીએ સરકારના પ્રસાયોને સફળતા હાથ લાગી નહતી. જો કે યુપીએ સરકારને થોડીક રાહત મળી છે કારણ કે સમાજવાદી પાર્ટી સુધારા સાથે આ બિલને ટેકો આપવા તૈયાર થઈ ગઈ છે. બીજી બાજુ બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ કહ્યુ છે કે અમે ફુડ બિલને ટેકો આપીશું.



અત્રે ઉલ્લેખનીય છે કે આ બિલમાં દેશની ૬૭ ટકા વસ્તી એટલે કે ૮૦ કરોડ લોકોને બજારની સરખામણીમાં ઓછી કિંમતે ખાદ્યાન્ન ચીજવસ્તુઓ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. દેશની કુલ વસ્તી ૧.૨ અબજની આસપાસ છે. આ બિલ પસાર થયા બાદ કોંગ્રેસને પણ ચૂંટણી લાભ મળી શકે છે. ગ્રામિણ રોજગારના મામલામાં કોંગ્રેસને જે રીતે લાભ થયો હતો તેવો જ લાભ આ બિલ પસાર થયાથી પણ મળી શકે છે. એમ માનવામાં આવે છે કે મહાત્માગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર યોજનાના લીધે યુપીએને વર્ષ ૨૦૦૯માં સામાન્ય ચૂંટણીમાં જીત મેળવવામાં મદદ મળી હતી. ફુડ સિક્યુરિટી બિલને હવે ગુરુવારના દિવસે હાથ ધરાશે. આ બિલથી કોંગ્રેસ પાર્ટીને આ વર્ષે યોજાનારી પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં પણ લાભ થઈ શકે છે. નવી દિલ્હીમાં સંસદીય બાબતોના રાજ્ય પ્રધાન રાજીવ શુક્લાએ કહ્યુ હતુ કે ફુડ બિલને પસાર કરવાના અમે બનતા તમામ પ્રયાસો કરી રહ્યા છીએ. તમામ પક્ષો સાથે વાતચીત કરી રહ્યા છીએ. સંસદીય બાબતોના પ્રધાન કમલનાથે કહ્યુ હતુ કે ગૃહને ચલાવવા માટે અમે તમામ નિયમોનો ઉપયોગ કરીશું. ખાદ્યાન્ન પ્રધાન કેવી થોમસે કહ્યુ હતુકે બિલ પસાર થઈ જાય તે માટે અમે પ્રયત્નશીલ છીએ. આના માટે અમે હંમેશા મહત્વકાંક્ષી રહ્યા છીએ. સરકાર બિલને પસાર કરવા ઈચ્છુક છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના મહત્વકાંક્ષી બિલ તરીકે આને ગણવામાં આવે છે. પરંતુ રાજકીય પક્ષો દ્વારા રજુ કરવામાં આવેલા ૨૬૦થી વધુ સુધારાઓને લઈને નવી ચિંતા ઉભી થઈ છે. કોંગ્રેસે વર્ષ ૨૦૦૯ના ચૂંટણી ઢંઢેરામાં ગ્રામિણ રોજગાર યોજનાની વાત કરી હતી.

## સરકારી કર્મીના મોતથી જોબ માટે કુટુંબને હક્ક મળતો નથી

નવીદિલ્હી,તા. ૨૦

સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ અને દૂરદર્શી ચુકાદો આપ્યો છે. જેના ભાગરૂપે સુપ્રીમ કોર્ટે ઠેરવ્યુ છે કે સરકારી કર્મચારીના મોતની સ્થિતિમાં સમગ્ર પરિવાર નોકરી માટે હકદાર નથી. સુપ્રીમે એમ પણ ઠેરવ્યુ છે કે સરકારી કર્મચારીના કુદરતી મોતની સ્થિતિમાં પરિવાર વળતર રોજગારીના દાવા માટે હક્ક ધરાવતું નથી. નોકરીની માંગ કરતી વ્યક્તિની હોદ્દા માટે લાયકાત છેકે કેમતેની પણ ચકાસણી થવી જોઈએ. જસ્ટિસ બેએસ ચૌહાણ અને એસએ બોબડેની બનેલી બેંચે ઠેરવ્યુ હતુ કે સંબંધિત સત્તાએ મૃત્યુ પામેલી વ્યક્તિના પરિવારની નાણાંકીય સ્થિતિની ચકાસણી કરવી જોઈએ અને જો પરિવારની સ્થિતિ કટોકટીવાળી હોય તો આવી સ્થિતિમાં પરિવારના કોઈ લાયક સભ્યને જ નોકરીની ઓફર થવી જોઈએ. સરકારી કર્મચારીના માત્ર મોતની સ્થિતિમાં જ રોજગારી મેળવવાનો હક્ક પરિવારને મળી જતો નથી. સંબંધિત સત્તાવાળાઓએ પરિવારની નાણાંકીય સ્થિતિની ચકાસણી કરવી જોઈએ. જો લાગે તો જ નોકરી આપવી જોઈએ. કટોકટીને સરકારી કર્મચારીના મોત બાદ પહોંચી શકવાની સ્થિતિ નથી તેવી સ્થિતિમાં મદદ કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટે એનજીબી ગ્રામિણ બેંક દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને મંજુરી આપતી વેળા બેંચે આ ચુકાદો આપ્યો હતો. આ અરજીમાં રાજસ્થાન હાઈકોર્ટના ૨૦૧૦ના ચુકાદાને પડકાર ફેંકવામાં આવ્યો હતો. જેમાં મૃત્યુ પામેલા બેંક કર્મચારીના પુત્ર ચક્રવર્તીસિંહની વળતર કર્મચારીની સ્કીમ હેઠળ નિમણૂંક કરવા કહેવામાં આવ્યુ હતુ. બેંકમાં ક્લાસ - ૩ના કર્મચારી તરીકે કામ કરતા સિંહના પિતાનું ૧૯મી એપ્રિલ ૨૦૦૬ના દિવસે અવસાન થયુ હતુ. સિંહે ૧૨મી મે ૨૦૦૬ના દિવસે નિમણૂંક માટે અરજી કરી હતી. બેંચે હાઈકોર્ટના ચુકાદાને ફગાવી દેતા કહ્યુ હતુકે સિંગલ જજ અને ડિવિજન બેંચ દ્વારા આપવામાંઆવેલા કારણો કાયદાની દષ્ટિએ યોગ્ય નથી. નિમણૂંકો ખૂબજ સાવધાનીપૂર્વક થવી જોઈએ.

# ડોલર સામે રૂપિયામાં વિક્રમ ઘટાડો

નવી દિલ્હી,તા. ૨૦

ડોલર સામે રૂપિયામાં તીવ્ર ઘટાડાનો દોર આજે પણ યથાવતરીતે જારી રહ્યો હતો. એક વખતે સેન્સેક્સે ૬૪ની સપાટી કૂદાવી દીધી હતી પરંતુ કારોબારના અંતે રૂપિયો આજે સોમવારના દિવસે ૬૩.૧૩/૧૪ની સરખામણીમાં ૬૩.૨૫/૨૬ની સપાટીએ બંધ રહ્યો હતો. સોમવારે ૬૩.૩૦ની અગાઉની સપાટીને રૂપિયાએ તોડી હતી. એક ધારા રૂપિયામાં થઈ રહેલા ધોવાણના લીધે કારોબારીઓ ચિંતિત બનેલા છે. આજે સવારથી જ રૂપિયામાં ઘટાડાનો દોર શરૂ થયો હતો. રિઝર્વબેંક ઓફ ઈન્ડિયાએ કેટલાક પગલા લીધા બાદ તેમાં સુધારો થયો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સ્પોટ અને ફેરવર્ડ માર્કેટમાં ડોલરના વેચાણને લઈને કેટલાક કારણો આપ્યા હતા જેથી રૂપિયો રિકવર થયો હતો. એશિયન ચલણમાં રૂપિયાનો દેખાવ હાલ સૌથી નબળો રહ્યો છે. રૂપિયો આજે સવારે ઘટીને ડોલરની સામે ૬૪ની સપાટીએ પહોંચી ગયો હતો. રૂપિયો ઘટીને ૬૪ ઉપર પહોંચી જતા કારોબારીઓમાં ભારે નિરાશા જોવા મળી હતી. સોમવારના દિવસે રૂપિયો ઘટ્યો હતો આજે તેનામાં વધારે ઘટાડો જોવા મળ્યો હતો. અમેરિકી ડોલરની સામે રૂપિયામાં ઘટાડો જારી રહેતા હવે દરેક ચીજવસ્તુઓના ભાવમાં વધારો થવાના સંકેત દેખાઇ રહ્યા છે. જેમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતનો સમાવેશ થાય છે. ડોલરની સામે રૂપિયાને કાબુમાં લેવા માટે અનેક પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેની કોઈ અસર દેખાઈ રહી નથી અને રૂપિયામાં ઘટાડાનો દોર જારી રહ્યો છે. આજે પણ રૂપિયો નવી નીચી ઓલ ટાઈમ સપાટી પર પહોંચ્યો હતો. ગઈકાલે કારોબારના અંતે રૂપિયો અગાઉના બંધ આંક



૬૧.૬૫ની સામે ૬૩.૧૩ની રેકોર્ડ નીચી સપાટીએ બંધ રહ્યો હતો. રૂપિયામાં ઘટાડો જારી રહેતા પેટ્રોલ અને ડિઝલની કિમતમાં પણ ભાવ વધારો થવાનો તખ્તો તૈયાર થઈ ગયો છે. કોઈ પણ સમયે હવે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વધારો કરાશે. મળી રહેલા સંકેત મુજબ પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ક્રમશઃ લિટરદીઠ ૧.૫૦થી ૨ અને ૫૦ પૈસાથી એક રૂપિયાનો વધારો થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. બીજી બાજુ અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવમાં પણ વધારો થઈ શકે છે જેમાં આયાતી ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે. રૂપિયાને સ્થિર કરવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. છેલ્લા બે સપ્તાહથી રૂપિયો નવી નીચી સપાટી બનાવી રહ્યો છે. આરબીઆઈ અને સરકાર પાસે રૂપિયાને અંકુશમાં લેવા માટે હવે ખૂબ ઓછા વિકલ્પો રહ્યા છે.

# બિહાર ટ્રેન દુર્ઘટનામાં રેલવેને ૯૦ કરોડ રૂપિયાનું નુકસાન

નવી દિલ્હી,તા. ૨૦

બિહારમાં ટ્રેન દુર્ઘટના થયા બાદ આ મામલામાં ઉંડી તપાસ હજુ પણ ચાલી રહી છે. રેલવેને સહરસા-પટના રાજયરાની એકસપ્રેસના એસી કોચ અને લોકોમોટિવ સહિત ૧૫ કોચને તોફાની ટોળાએ આગ ચાંપી દીધા બાદ ભારે નુકસાન થયુ છે. રેલવેને આશરે ૯૦ કરોડનું નુકસાન થયુ છે. ધમારાઘાટ ખાતે સમસ્તીપુર-સહરસા પેસેન્જર ટ્રેનના પાંચ કોચ અને લોકોમોટિવને આગ ચાંપી દેવા બદલ પણ ભારે નુકસાન થયુ છે. ઈસ્ટ સેન્ટ્રલ રેલવેના સમસ્તિપુર ડિવિજ હેઠળ સહરસા-માનસી સેક્સન પર બે પેસેન્જર ટ્રેનોમાં ભારે તોડફોડ કરવામાં આવી હતી. સવારે ટ્રેનની નીચે આવીને ૩૭ લોકોના મોત થઈ ગયા બાદ સ્થાનિક લોકોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યુ હતુ અને ટ્રેનને આગ ચાંપી દેવામાં આવી હતી. જો કે રેલવે દ્વારા આ બનાવમાં મોતનો આંકડો ૨૮ ગણાવવામાં આવ્યો છે. રેલવે કોમ્યુનિકેશન વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી કારણકે તોફાની ટોળાએ રેલવેસ્ટેશન, કેબિન અને ટ્રેકને ભારે નુકસાન પહોંચાડ્યુ હતુ. બનાવ બાદ તરત જ બચાવ ટુકડી પણ પહોંચી શકી નહતી. કારણ કે તોફાની ટોળાએ આક્રમક રૂપ લઈને ભારે તોડફોડ કરી હતી. રેલવે અધિકારી અમિતાભ પ્રભાકરે કહ્યુ હતુ કે બચાવ ટીમના રેલવે તબીબો સહિત મોટા ભાગના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી શક્યા ન હતા કારણ કે સીધીરીતે માર્ગ સુવિધા ન હતી. તેમણે ઉમેર્યુ હતુ કે રેલવે બચાવ ટીમ ખૂબ મોડેથી પહોંચી શકી ન હતી. સીપીઆરઓએ કહ્યુ છે કે ભારે જહેમત બાદ બચાવ ટુકડી ઘટનાસ્થળે પહોંચી હતી. ખાસ ટ્રેન દ્વારા ટુકડીને પહોંચાવડામાં આવી હતી. સમસ્તિપુરના ડીઆરએમ અરૂણ મલિકે કહ્યુ છે કે રેલવેના અધિકારીઓ અને પોલીસ અધિકારીઓ પહેલા ઘટનાસ્થળ પર ઉભી થયેલી સ્થિતિની સમીક્ષા કરી હતી. તોફાની ટોળાએ ટ્રેનના ડ્રાઈવરને માર માર્યો હતો અને ધમારાઘાટના રેલવે સ્ટાફના લોકોને કલાકો સુધી બાનમાં પકડી લેવામાં આવ્યા હતા. રેલવે દ્વારા ચાર યાત્રી ટ્રેનોને રદ કરવામાં આવી હતી.

## કિસ્તવારમાં સંચારબંધી ૧૨મા દિવસે પણ જારી

જમ્મુ,તા. ૨૦

જમ્મુ કાશ્મીરના કિસ્તવાર શહેરમાં આજે ૧૨મા દિવસે પણ સંચારબંધી યથાવતરીતે જારી રાખવામાં આવી હતી. નવમી ઓગસ્ટના દિવસે તોફાની તત્વો દ્વારા લૂંટવામાં આવેલી નવ બંદૂકો આજે તપાસ દરમિયાન કબજે કરવામાં આવી હતી. અટકાયતમાં લેવામાં આવેલા ઘણા તોફાની તત્વોની પુછપરછ કરવામાં આવી રહી છે. સોમવારના દિવસે ચાર કલાક સુધી સંચારબંધીમાં છુટછાટ આપવામાં આવી હતી જે દરમિયાન કોઈ પણ અનિચ્છનિય બનાવ ન બનતા તંત્રમાં રાહત રહી હતી. કિસ્તવારના જિલ્લા મેજિસ્ટ્રેટ બસિર અહેમદ ખાને કહ્યુ છે કે સંચારબંધી શહેરના એક હિસ્સામાં આજે હળવી કરવામાં આવી હતી. બે કલાક સુધી સંચારબંધી હળવી કરવામાં આવ્યા બાદ બિલકુલ શાંતિ રહી હતી જ્યારે અન્ય એક વિસ્તારમાં બીજા બે કલાક છુટછાટ આપવામાં આવી હતી. છુટછાટના ગાળા દરમિયાન પરિસ્થિતિ સંપૂર્ણ શાંતિપૂર્ણ રહી હતી. કિસ્તવારમાં પોલીસે નવમી ઓગસ્ટના દિવસે કોમી હિંસા દરમિયાન તોફાની તત્વો દ્વારા લૂંટી લેવામાં આવેલી ૨૨ ગન પૈકીની નવ ગન કબજે કરવામાં આવી છે. દરમિયાન તમામ પક્ષોના પ્રતિનિધિ મંડળ શાંતિ સ્થાપિત કરવા માટે તંત્રની મદદ હાથ ધરી છે.

## કુખ્યાત ત્રાસવાદી ટુન્ડાને કોર્ટમાં જ તમાચો મરાયો

નવી દિલ્હી,તા.૨૦

લશ્કરે તોયબાના ત્રાસવાદી અને કુખ્યાત આતંકવાદી અબ્દુલ કરીમ ટુન્ડાને આજે કહેવાતી હિન્દુ સેનાના એક વ્યક્તિએ નવી દિલ્હીમાં પટિયાલા હાઉસ જિલ્લા કોર્ટમાં પ્રવેશ કરતી વેળા જોરદાર તમાચો મારી દેતા ચકચાર મચી ગઈ હતી. ટુન્ડાને તમાચો મારનાર શખ્સ અને તેના એક સાથીની ધરપકડ કરી લેવામાં આવી હતી. ગયા સપ્તાહમાં દિલ્હી પોલીસે ટુન્ડાની ધરપકડ કરી હતી. તેને ભારત-નેપાળ સરહદથી નવી દિલ્હી લવાયો હતો. ટુન્ડાને બપોરે ૩.૫૦ વાગ્યે શિવકુમાર રાઘવ નામની વ્યક્તિએ તમાચો મારી દીધો હતો.

### Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

આપણે હોળી દિવાળી કે ઈદ સહપરિવાર તહેવારમાં આતશબાજી કરીએ છીએ ત્યારે તેઓ સામી છાતીએ ગોળીઓની આતશબાજી ઝીલે છે. સૈનિકો ખડેપગે સરહદ પર ચૌકન્ના રહી આપણને સ્વતંત્ર ઘુમવાની પરવાનગી આપે છે અને આપણે ૧૫ ઓગસ્ટ - ૨૬ જાન્યુઆરીની રજામાં સજીધજીને પાર્ટીઓ કરવાં રેસ્ટોરન્ટમાં પહોંચી ઉજવણીનાં નામે ‘દેશ જાય તેલ લેવાં જલસા કર’ જેવી બેફીકરાઈ બતાવીએ છીએ. જેના નામે આ રાષ્ટ્રીય પર્વ સમર્પિત છે તેવા સરહદી સૈનિકો આવી રજાનો વિચાર પણ કરી શકતા નથી.

સર કટા સકતે હૈ લેકિન સર ઝુકા સકતે નહીં કહેતા સૈનિકોના માથા જયારે પડોશી દેશ પાકિસ્તાન વાઢી જાય છે ત્યારે આજે દેશની પબ્લિક પાંચ માથા સામે પચ્ચીસની ડિમાન્ડ કરે છે. દિલ્હીરેપ અને અણ્ણાની ક્રાંતિમાં સોશ્યલ નેટવર્કથી જુવાળ ફેલાવી રસ્તા પર ઉતરી પડતી જનતા હવે સૈનિકોનાં સન્માનમાં પણ રસ્તા પર ઉતરે તો નવાઇ નહીં!!

**ચૂંટલો :**

ભારતીય પ્રજાનાં દિલોદિમાગ પર સૈનિકોની શહાદતની ઈજ્જત છે અને એટલે જો આ પ્રજા ઓરીજીનલ મૂડ, મિજાજ, જોમ જુસ્સા સાથે સૈનિકોના સમર્થનમાં ઉતરી પડશે તો વડાપ્રધાનનાં આદેશનીય જરૂર ભારતીય સૈન્યને નહીં પડે.

વંદે માતરમ્ ...

## રાજીવ ગાંધીના જન્મદિને દેશના લોકોની શ્રદ્ધાંજલિ

નવી દિલ્હી,તા. ૨૦

ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની ૬૯મી જન્મજયંતિના પ્રસંગે આજે તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. રાજીવ ગાંધીની જન્મજયંતિ પ્રસંગે જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, વડાપ્રધાન મનમોહનસિંહ અને અન્ય નેતાઓએ રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. ઉપરાષ્ટ્રપતિ હમિદ અંસારી અને વડાપ્રધાન મનમોહનસિંહ તેમની સમાધિ વીરભૂમિ પર જઈને શ્રદ્ધાંજલિ આપી હતી. રાજીવ ગાંધીના પત્ની અને કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી, તેમના પુત્ર રાહુલ ગાંધી, તેમની પુત્રી પ્રિયંકા વાઢેરા અને પ્રિયંકાના પતિ રોબર્ટ વાઢેરાએ પણ સમાધિ પર જઈને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## રૂપિયો ઘટતા બધી પ્રકારની લોન વધારે મોંઘી થઈ જશે

નવી દિલ્હી,તા. ૨૦

ડોલરની સામે રૂપિયામાં ઘટાડાનો દોર જારી રહ્યો છે જેના કારણે માત્ર મોંઘવારીમાં જ વધારો થશે નહી બલ્કે તમામ પ્રકારની લોન પર પણ તેની અસર થશે. મળેલી માહિતી મુજબ હોમ, પર્સનલ અને ઓટો લોન વધારે ખર્ચાલ સાબિત થશે. રિટેલ કસ્ટમરોને વધારે નાણા ચુકવવા માટે તૈયારી રાખવી પડશે. ડોલરની સામે રૂપિયો સતત ઘટી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી ડોલરની સરખામણીમાં રૂપિયામાં ઘટાડો થઇ રહ્યો છે. આ ઘટાડો આશરે ૧૨ ટકાની આસપાસ રહ્યો છે. સરકાર અને આરબીઆઇ દ્વારા લેવામાં આવી રહેલા પગલા બિન અસરકારક બનેલા છે. લોકો વ્યાજ દર હળવા થાય તેની રાહ જોઇ રહ્યા છે પરંતુ હાલની સ્થિતીમાં આવી કોઇ સ્થિતી દેખાઇ રહી નથી. રીઝર્વ બેંક હાલમાં મુખય રીતે રૂપિયાને સ્થિર કરવાના પ્રયાસ કરી રહી છે. ફુગાવો પણ હાલ બેકાબુ બનેલો છે. રિટેલ કસ્ટમરોને લોનના ઉંચા વ્યાજદરથી કોઇ રાહત મળે તેવી શક્યતા નથી. આવનાર દિવસોમાં રૂપિયો હજુ ઘટીને ડોલરની સામે ૬૫ સુધી પહોંચી શકે છે તેવી સ્થિતીમાં મોંઘવારીમાં વધુ વધારો ઝીંકાશે. જેથી લોનમાં સસ્તાની અપેક્ષા રાખી રહેલા લોકોને આવી ગણતરી હાલમાં કરવી જોઇએ નહી. આજે સવારમાં રૂપિયામાં વધુ ઘટાડો થયો હતો. અને તેની સપાટી ૬૪ પર પહોંચી હતી. આવી સ્થિતીમાં કારોબારી નિષ્ણાંતોની ૬૫ પર પહોંચી જવાની દહેશત સાચી પડે તેવી શક્યતા છે. ઓટો ઉદ્યોગ અને કન્ઝુમર ઉદ્યોગને હાલ કોઇ રાહત નહી મળે તેમ માનવામાં આવે છે. અનેક છુટછાટની સ્થિતીમાં પણ મંદીની શક્યતા છે.

## સંજય દત્તે ૧૪ દિવસ માટે રજાની માંગ કરી

મુંબઈ,તા. ૨૦

બોલિવુડના સ્ટાર અભિનેતા સંજય દત્તે અંતિમસજા ભોગવી રહ્યો છે ત્યારે પ્રથમવખત રજાની માંગણી કરી છે. ૧૪ દિવસ માટે સંજય દત્તે રજાની માંગ કરી છે. જેલના મેન્યુઅલ નિયમો હેઠળ ૧૪ દિવસની રજાની માંગ માટે સંજય દત્તે અપીલ કરી છે. જેલના નિયમો મુજબ અપરાધી કેદીઓને આ પ્રકારની રજા મંજુર કરવામાં આવે છે. જેની અરજી સોમવારના દિવસે યેરવાડા જેલમાં જેલ સત્તાવાળાઓ સમક્ષ રજુ કરી દેવામાં આવી હતી. જેલની બહાર સમાજ સાથે કેદીઓ સંપર્કમાં રહી શકે તે હેતુથી આ પ્રકારની રજાઓ મંજુર કરવામાં આવે છે. છેલ્લા ત્રણ મહિના બાદથી સંજય દત્ત હાલમાં જેલમાં છે. યરવાડા જેલમાં તે મુંબઈ બ્લાસ્ટમાં અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ સજા ગાળી રહ્યો છે.

## સમાચાર ઝલક

- ૧૮૦૦૦ની સપાટી તોડતું સેન્સેક્સ.
- સ્વ.રાજીવ ગાંધીની જન્મજયંતિ સાથે સદભાવના દિવસની દેશભરમાં ઉજવણી.
- શ્રાવણી, નાળિયેરી પુનમ, રક્ષાબંધનની દબદબાપૂર્વક ઉમંગભેર ઉજવણી.
- કોંગ્રેસ શાસિત રાજયોમાં અન્ન સુરક્ષાની યોજનાનો આજથી પ્રારંભ.
- પુનામાં અંધશ્રદ્ધા નાબુદીનાં અધ્યક્ષની ધોળે દિવસે ગોળી મારી હત્યા.
- ડોલર સામે આજે રૂપિયો વધુ કમજોર બન્યો.
- બેનઝીર ભૂટ્ટોની હત્યાનો પૂર્વ પ્રમુખ મુશરર્ફ સામે આરોપ.
- ચાલુ સિઝનમાં રાખડીનાં ધંધામાં ૭૦%નો ઘટાડો થયો હોવાનું અનુમાન.
- ચીનમાં પૂરથી ૧૦૫ વ્યક્તિઓનાં મોત.
- વલસાડ નજીક દરિયા કિનારે વધુ એક કન્ટેનર તરતું મળી આવ્યું.
- ઉધનામાં ૨ ટેમ્પો ભરેલી ગુટખા પકડાઇ, હજુ પણ ગુટખાનો ખાનગી કારોબાર ચાલુ.
- રાજકોટ સિવિલમાં ડોકટરને તમાચો મારવાનાં પ્રકરણમાં જુનિયર ડોકટરોની હડતાળ.
- અંબાજીમાં રાજકોટનાં માઇભક્તે સવા કિલો સોનાનું છત્રર ચઢાવ્યું.
- અમદાવાદ જિલ્લા પોલીસ વડાની કચેરીમાં સિનિયર કલાર્કે પોલીસોનો પગાર રૂા. ૪૦ લાખ ઉપાચત કર્યાની ફરિયાદ.
- રાપર વિસ્તારમાં વન વિભાગનાં કર્મચારી પર હુમલો.
- દિલ્હીમાં બે દિવસમાં ૭ ખૂન, દિલ્લી પોલીસ નબળી કામગીરીથી જનતા પરેશાન.
- કોસંબામાં એક રાતમાં નવ ઘરનાં તાળાં તૂટ્યા, ચોરીના બનાવોમાં થઇ રહેલો સતત વધારો, પોલીસ નિષ્ક્રીય.
- આતંકી ટુંડાને અજાણ્યા શખ્સે કોર્ટ પરિસરમાં તમાચો માર્યો.

### ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીએ ‘‘રામાયણ’’ સીરિયલની અભુતપૂર્વ પ્રસિદ્ધિની નોંધ લઈને કહ્યું હતું કે, ‘‘આ સીરિયલ કરોડો લોકોની શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્રબિન્દુ બની ગઈ છે. જે ખાસ કરીને દેશના યુવા વર્ગમાં ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસા, પરંપરા અને સામાન્ય મૂલ્યોને દઢિભૂત કરવાનું કાર્ય કરે છે.’’ કોઈ ટી.વી. શ્રેણી વિશે, એની સામાજિક અસરો વિશે દેશના વડાપ્રધાને ખુદ

નોંધ લીધી હોય, એવું પણ દેશમાં આ અગાઉ ક્યારેય બન્યું નહોતું. એ પછી આજ સુધી પણ એવું બન્યું નથી કે, એવી કોઈ સીરિયલ વિશે દેશના વડાપ્રધાને હકારાત્મક ટિપ્પણી કરી હોય.

‘‘રામાયણ’’ એક એવી સીરિયલ હતી કે, જેના પરથી બલરાજ ચોપરાને ‘‘મહાભારત’’ શ્રેણી બનાવવા પ્રેરણા મળી. એ પછી તો ઐતિહાસિક, ધાર્મિક, પૌરાણિક અને પરંપરાના કથાનકો પરથી ‘‘વિશ્વામિત્ર’’, ‘‘ચાણક્ય’’, ‘‘લવ-કૂશ’’, ‘‘કૃષ્ણ’’ અને બીજી સંખ્યાબંધ સીરિયલો બની. ખુદ રામાનંદ સાગરે ‘‘રામાયણ’’ સીરિયલની લોકપ્રિયતા ધ્યાનમાં લઈને તરત જ ‘‘ઉત્તર રામાયણ’’ સીરિયલ બનાવી. જેમાં લવ-કૂશચરિત્ર રજૂ કરવામાં આવ્યું.

ભવ્ય ભારતના હિન્દુ ધર્મના મહાકાવ્ય ‘‘રામાયણ’’ શ્રેણીની અભુતપૂર્વ સફળતાથી અંજાઈને બી.આર. ચોપરાએ હિન્દુ ધર્મની મહાકથા પરથી ‘‘મહાભારત’’ શ્રેણીનું નિર્માણ કર્યું. ૪૫ મિનિટના એક એવા ૯૪ એપિસૉડનું તા. ૨ ઑક્ટોબર, ૧૯૮૮થી તા. ૨૪ જૂન, ૧૯૯૦ દરમિયાન દર રવિવારે સવારે કરવામાં આવ્યું. આ સીરિયલના પ્રસારણ વખતે પણ સવારે ૯થી ૧૦ના સમય દરમિયાન દેશભરમાં જાહેર સ્થળો, રસ્તાઓ, એમ બધે જ સન્નાટો છવાઈ જતો. રસ્તા ઉપર કોઈ જોવા ન મળે. એ સમયમાં આ શ્રેણીએ ૧.૬ મિલિયન યુ.એસ. ડૉલરનો બિઝનેસ કર્યો હતો. ‘‘મહાભારત’’ના પ્રસારણના દિવસોમાં લોકસભાની ચૂંટણી આવી ત્યારે સવારે ૯થી ૧૦ના અરસામાં લોકો ટી.વી. સામેથી ખસશે નહીં અને મતદાન કરવા નહીં આવે, જેથી મતદાનની ટકાવારી ઉપર અસર પડશે, એવી ભીતિથી કેન્દ્ર સરકારે એ રવિવાર પુરતું આ શ્રેણીનો પ્રસારણસમય પણ બદલાવીને મોડી સાંજનો કરાવ્યો હતો. ભારતીય ટી.વી. સીરિયલોના આજ સુધીના અરસામાં આવું કદી બન્યું નથી. આ સીરિયલમાં ‘‘કૃષ્ણ’’ બનેલા કલાકાર નીતિશ ભારદ્વાજ પણ સંસદસભ્ય બન્યા હતા. ‘‘મહાભારત’’ સીરિયલના આરંભે સૂત્રધાર તરીકે ‘‘મેં સમય હૂં...’’ કહીને પોતાનો અવાજ આપનાર જાણીતા ઉદ્‌ઘોષક હરીશ ભીમાણીને ઑન સ્ક્રિન ન આવ્યા હોવા છતા પણ ભારે ખ્યાતિ મળી.

૨૧મી સદીમાં ડેઈલી સૉપ તરીકે સેટેલાઈટ ચેનલ પરથી ૧,૦૦૦ એપિસૉડ ટેલિકાસ્ટ થયા હોય એવી ઘણી બધી સીરિયલો જુદા જુદા સેગમેન્ટમાં લોકપ્રિયતાની ટોચ ઉપર રહી. જેણે ઓછી કે વધુ સામાજિક અસરો પણ છોડી. ‘‘એક મહલ હો સપનોં કા’’, ‘‘ક્યોં કિ સાસ ભી કભી બહુ થી’’, ‘‘કહાની ઘર ઘર કી’’, ‘‘કુસુમ’’, ‘‘કસૌટી જિંદગી કી’’, ‘‘કુમકુમ - એક પ્રારા સા બંધન’’, ‘‘ભાભી’’, ‘‘વો રહેનેવાલી મહેલોં કી’’, ‘‘બાલિકાબધુ’’, ‘‘યે રિશ્તા ક્યા કહલાતા હૈ’’, ‘‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’’, ‘‘ઉત્તરન’’, ‘‘પવિત્ર રિશ્તા’’, ‘‘ધ ગ્રેટ ઈન્ડિયન કૉમેડી શૉ’’, ‘‘ધ ગ્રેટ ઈન્ડિયન લાફટર ચેલેન્જ’’, ‘‘કૉમેડી સરકસ’’ ખાસ ઉલ્લેખનીય છે.

હાસ્ય-વ્યંગની વાત કરીએ તો, સને ૧૯૯૦ના અરસામાં ‘‘શ્રીમાન-શ્રીમતી’’ અને એ પછી યસ બૉસ’’ સીરિયલોએ દર્શકોને નિર્દોષ હાસ્ય અને મનોરંજન આપવાનું ઉત્તરદાયત્વ નિભાવ્યું. ગુજરાતી સીરિયલોની વાત કરીએ તો ‘‘હૂતો-હૂતી’’ એક સામાજિક શ્રેણી તરીકે લાખો ગુજરાતીઓએ

પસંદ કરી. જ્યારે હાસ્ય શ્રેણી તરીકે ‘‘કાકા ચાલે વાંકા’’ને પણ દર્શકોએ વખાણી. બન્ને સીરિયલના વિષયવસ્તુ અલગ-અલગ હોવા છતા એ શ્રેણીઓ સામાન્ય જીવનનું પ્રતિબિંબ પાડતી હતી. ગુજરાતી ભક્ત કવિ નરસિંહ મહેતાનાં જીવન-કવન ઉપર આધારીત શ્રેણી ‘‘નરસૈંયો’’ પણ ગુજરાતી દર્શક પરિવારોમાં ઘેરી છાપ છોડી જનારી રહી. વિલિઅમ શૅક્સ્પિઅરનું કહેવું છે કે, કોઈ દેશનું જનજીવનનું દર્શન કરવું હોય યા તે દેશના સમાજની સ્થિતિ જાણવી હોય તો એ દેશમાં સરજાતા સાહિત્યને જાણવું-સમજવું જોઈએ. આ વિધાનમાં ફેરફાર કરીને એમ કહી શકાય કે, આજે સરજાતી ફિલ્મો કે ટી.વી. સીરિયલો જે તે દેશના જનજીવન, સમાજ, નાગરિકો, એમની રહેણીકરણી, એમની આર્થિક સ્થિતિ વગેરે બાબતો આપણને જાણ્યે-અજાણ્યે જણાવી દે છે. આ છે ટી.વી. સીરિયલોની સામાજિક અસરો.

(સમાપ્ત)